# નોટબંધીના વિરોધમાં ઠેર-ઠેર ચક્કાજામ

## ૨૦૦ની અટકાયત : ગાંધીનગર જિલ્લાના કલોલ, દહેગામ અને પાલજ ખાતે ટાયર સળગાવી હાઈવે પર કોંગી કાર્યકરો દ્વારા ચક્કાજામ કરાયો : કેપીટલ રેલવે સ્ટેશને ટ્રેન રોકવા પહોંચેલા કાર્યકરોની બહારથી જ અટકાયત કરાઈ

ગાંધીનગર, તા. ૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોટબંધીના કરેલા નિર્ણયને અણગઢ નિર્ણય ગણાવી કોંગ્રેસ દ્વારા નોટબંધીથી પ્રજાને પડી રહેલી હાલાકીના વિરોધમાં ઠેર ઠેર રસ્તા રોકો-ચક્કાજામ કરી દેખાવો કર્યા હતા. કલોલ સિંદબાદ ખાતે વાહનો રોકી, દહેગામ બસ સ્ટેન્ડ પાસે પણ બસો રોકીને ચક્કાજામ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત પાલજ પાસે ટાયરો સળગાવી હાઈવે બ્લોક કરી દેવાયો હતો. તો બીજી તરફ કેપીટલ રેલવે સ્ટેશન ખાતે ટ્રેન રોકવા પહોંચેલા કાર્યકરોના ટોળાને પોલીસે બહારથી જ પકડી પાડી અટકાયત કરી લીધી હતી. પોલીસે અલગ અલગ સ્થળોએથી ૨૦૦ જેટલા કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોની અટકાયત કરી હતી અને તમામ અટકાયતીઓને સમી સાંજે મુક્ત કરવામાં આવ્યા હતા.

સમગ્ર દેશમાં માનવસર્જિત આપત્તિ નોટબંધીથી સર્જાયેલી આર્થિક અંધાધુંધીથી પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે અને પોતાના જ નાણા લેવા પ્રજાએ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવુ પડી રહ્યુ છે. આ અસહ્ય હાલાકીનો કોંગ્રેસ પક્ષ દ્વારા આકરા શબ્દોમાં વિરોધ કરી 'જનઆક્રોશ સપ્તાહ'નું આયોજન કર્યુ છે. આ સપ્તાહમાં ઠેર ઠેર કોંગ્રેસ દ્વારા વિવિધ પ્રકારે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. આજે આ સપ્તાહ અન્વયે ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશન ખાતે કાર્યકરોનું ટોળુ ટ્રેન રોકવા પહોંચ્યુ હતુ. સે. ૭ પોલીસે ૧૬ કાર્યકરોની બહારથી જ અટકાયત કરી લીધી હતી. તે ઉપરાંત કલોલ સિંદબાદ પાસે ધારાસભ્ય બળદેવજી ઠાકોર અને અમિત ચૌધરીના નેતૃત્વમાં ચક્કાજામ કરવામાં આવ્યું હતું. આ સ્થળેથી પોલીસે ૭૫ આગેવાનો કાર્યકરોની અટકાયત કરી હતી. દહેગામ બાયડ ત્રણ રસ્તા ખાતે ધારાસભ્ય કામીનીબાની આગેવાની હેઠળ રસ્તા રોકો આંદોલન છેડવામાં આવ્યુ હતુ. જેમાં ૫૦ કાર્યકરો આગેવાનોની અટકાયત થઈ હતી. જ્યારે ગાંધીનગર તાલુકા કોંગ્રેસ દ્વારા ચિલોડા ચાર રસ્તા ખાતે ભેગા થયેલા કાર્યકરો આગેવાનોએ પોલીસને ચકમો આપી પાલજ પાટીયા પાસે બસો રોકી ચક્કાજામ કર્યો હતો. તે ઉપરાંત હાઈવે પર ટાયરો સળગાવી ટ્રાફીક થંભાવી દીધો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી જશુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, ડૉ. હિમાંશુ પટેલ સહિત વિવિધ આગેવાનો કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા. આ તમામ આગેવાનો-કાર્યકરોની પણ પોલીસે અટકાયત કરી લીધી હતી. અલગ-અલગ સ્થળોએથી પોલીસે ૨૦૦ કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોની અટકાયત કરી હતી અને સમી સાંજે તમામને મુક્ત કર્યા હતા.












# ચિલોડામાં બીજા દિવસે પણ દબાણો હટાવાયા





ચિલોડા, તા. ૨૫

ચિલોડા-દહેગામ માર્ગ પર ગેરકાયદેસર બાંધકામ પર તંત્રના અધિકારીઓએ લાલ આંખ કરી દબાણો દૂર કરાયા હતા જ્યારે આજે પણ બે જેટલા બુલડોઝર મોકલી બાકી રહી ગયેલા દબાણો દૂર કરી નાંખ્યા હતા અને આગામી દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રાખે તો નવાઈ નહીં.

ગાંધીનગર નજીકના ચિલોડા-દહેગામ માર્ગ પર ગેરકાયદેસર કેટલાક બાંધકામો કરવામાં આવ્યા હતા જેના પર તંત્રની નજર પડતા આ દબાણો પર ગઈકાલે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. ઉપરાંત આજે પણ તંત્રએ બાકી રહી ગયેલ દબાણો દુર કરવા કાર્યવાહી હાથ ધરી હતી અને બે બુલડોઝર મોકલી તમામ દબાણો દુર કરવામાં આવ્યા હતા. તંત્રએ દબાણ કર્તાઓ સામે લાલ આંખ કરતા ફફડાટ ફેલાયો છે.

ગાંધીનગર શહેરથી માત્ર ૮ કિ.મી.ના અંતરે આવેલ મોટા ચિલોડા ચાર રસ્તા પાસે દબાણે અજગરી ભરડો લીધો હતો. રાત-દિવસ સતત ધમધમતુ ચિલોડા દબાણકારોની મુઠ્ઠીમાં આવી ગયું હતું. ચિલોડા ચાર રસ્તાની આસપાસ એટલી હદે દબાણ વધી જવા પામ્યુ હતુ કે અધિકારીઓ પણ માથા ખંજવાળતા નજરે પડતા હતા. ત્યારે આજે અચાનક તંત્ર દ્વારા દબાણ હટાવ કામગીરીનો પ્રારંભ થયો હતો. જેમાં ચાર રસ્તાની આસપાસ ગેરકાયદેસર ૧૨ જેટલી દુકાનો પર દબાણ વિભાગના તંત્રનું બુલડોઝર ફરી વળતા દબાણકારોમાં ભય ફેલાયો છે. સવારથી શરૂ થયેલી દબાણની કામગીરી મોડી રાત સુધી ચાલુ રહેવા પામી હતી. દબાણ તુટતુ અટકાવવા માટે રાજકીય દબાણ સર્જવાની પણ કોશીશ કરી હતી. પરંતુ તંત્રએ મચક નહી આપીને ગેરકાયદેસર દુકાનો જમીનદોસ્ત કરી દીધી હતી.

ચિલોડાવાસીઓએ દબાણતંત્રની નિષ્પક્ષ કામગીરીને બિરદાવી હતી. જ્યારે હજુ પણ કેટલાક બાકી રહી ગયેલા દબાણકારોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. જ્યારે દબાણ તુટતા હતા તે સ્થળે મોટી સંખ્યામાં નાગરીકો ટોળે વળ્યા હતા. ત્યારે ચિલોડા સઘન પોલીસ બંદોબસ્ત હેઠળ દબાણ દૂર કરવામાં આવ્યા હતા. ત્યારે આગામી સમયમાં પણ ચિલોડા ખાતે દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે.

# આજથી જિલ્લામાં સરળતાથી બેંકમાં ખાતા ખોલાવવાની મહાઝુંબેશ

## ૭મી ડિસેમ્બર સુધી ઝુંબેશ ચલાવાશે :ગાંધીનગર શહેરમાં સેક્ટર- ૭, ૨૧ અને ૨૪ શાકમાર્કેટ ખાતે બચત ખાતુ ખોલવાની વ્યવસ્થા કરાઇ : બેંક ખાતુ ખોલાવવા માટે ફોટો આઇડી કાર્ડ, રહેઠાણ પુરાવો અને પાસપોર્ટ સાઇઝનો ફોટાની જ જરૂરિયાત : નગરપાલિકા, તાલુકા મથકો, ગ્રામ્ય કક્ષાએ પણ બેંક ખાતા ખોલવાની વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૨૫

સમગ્ર રાજયમાં આજથી બેંકો દ્વારા ૧૦૦૦ રૂપિયાની નોટ બદલી આપવાનું બંધ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં નાના ફેરિયા, કારીગર, મંજૂર વર્ગ અન્ય મંજૂરોને પોતાની પાસે રહેલ ૧૦૦૦ કે ૫૦૦ રૂપિયાની નોટો બદલવાનું સરળ રહે અને તેમના પગારના નાણાં સંબંધિત પેઢીઓ સરળતાથી ચુકવી શકે તે માટે સમગ્ર ગાંધીનગર જિલ્લા જનધન યોજના અંતર્ગત બેંકમાં બચત ખાતું ખોલવાની મહા ઝુંબેશ તા. ૨૫મી નવેમ્બર થી તા. ૭મી ડિસેમ્બરના રોજ યોજાનાર છે. આ ખાતા ખોલવાની કામગીરી સુચારું રીતે થાય તે માટે આજરોજ જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલની અધ્યક્ષતામાં બેંક અને જિલ્લાના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઇ હતી.

ગાંધીનગર જિલ્લામાં આવેલી જી.આઇ.ડી.સીઓમાં કામ કરતા મંજૂરો અને કામદારો પોતાના એકાઉન્ટ પોતાની નજીકમાં આવેલી બેંકમાં બચત ખાતા ખોલાવી શકશે. તે ઉપરાંત નગરપાલિકા વિસ્તારમાં, તાલુકા મથકો અને ગ્રામ્ય કક્ષાએ પણ જનધન યોજના અંતર્ગત ઝીરો બેલેન્સે બચત ખાતું ખોલાવવા માટેની પણ બેંક અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારું વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવતીકાલ તા. ૨૫મી નવેમ્બર, ૨૦૧૬ સેકટર–૭, ૨૧ અને ૨૪ શાકમાર્કેટ ખાતે જનધન યોજના અંતર્ગત ઝીરો બેલેન્સે ખાતા ખોલવાનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ ખાતા ખોલવાનું સવારના ૧૧.૦૦ કલાક થી સાંજના ૩. ૦૦ કલાક સુધી કરવામાં આવશે.

તમામ જગ્યાએ જનધન યોજના અંતર્ગત બેંક ખાતા ખોલવા માટે (૧) ફોટો આઇ ડી કાર્ડ જેવા કે, ચૂંટણીકાર્ડ, આધારા કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ (૨) રહેઠાણ પુરાવામાં લાઈટ બિલ, ટેલીફોન બિલ, ગેસ બિલ, અને રેશનકાર્ડ માંથી કોઈપણ એક પુરાવો માન્ય રહેશે. તેમજ એક પાસપોર્ટ સાઈઝનો ફોટાની પણ ખાસ જરૂરિયાત રહેશે. આ તમામ પુરાવા બેંક ખાતું ખોલાવવા આવનાર વ્યક્તિ સ્વપ્રમાણિત કરી શકશે.

# સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસીસ સેન્ટરની શીફટમાં વધારો કરાયો

## દર્દીઓની સંખ્યા વધતા તંત્ર દ્વારા મંગળ અને શુક્રવારના રોજ શીફટમાં વધારો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલાં કાર્યરત હિમો ડાયાલિસીસ સેન્ટર ખાતે દર્દીના ધસારાને અનુલક્ષી તંત્ર દ્વારા મંગળવાર અને શુક્રવારના રોજ એક શીફટનો વધારો કરવામાં આવ્યો છે. ડાયાલિસીસ સેન્ટર બે શીફટમાં સવારે ૮ થી ૪ દરમ્યાન કાર્યરત રહે છે જેમાં વધારો કરવામાં આવ્યો છે. આગામી સમયમાં લાભાર્થીઓનો ધસારો વધશે તો અઠવાડીયાના બાકી રહેતા દિવસોએ પણ શીફટમાં વધારો કરવામાં આવશે. અત્યાર સુધી આ ડાયાલિસીસ સેન્ટરનો ૭૨૦૦ લાભાર્થીઓએ લાભ લીધો છે. ત્યારે જિલ્લાના તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા દર્દીઓ માટે ગાંધીનગર હોસ્પિટલનું ડાયાલિસીસ સેન્ટર આશિવાર્દરુપ સાબિત થવા પામ્યું છે.

ગુજરાત રાજયની જનતાના આરોગ્ય માટે તંત્ર દ્વારા વિવિધ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો લાભ દરેક માનવીને મળે તે માટે સતત આરોગ્ય વિભાગના અધિકારીઓ પ્રયત્ન કરી રહ્યા છે. ત્યારે કિડનીને લગતી બિમારીથી પિડાતા દર્દીને દુર ડાયાલિસીસ માટે જવુ ના પડે તેમજ ઉત્તમ સગવડ સાથેના ડાયાલિસીસ મોટાભાગે દરેક જિલ્લામાં કાર્યરત કરવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર હોસ્પિટલના ત્રીજા માળે તંત્ર દ્વારા હિમો ડાયાલિસીસની સગવડ ઉભી કરાઈ છે. આ ડાયાલિસીસ સેન્ટરમાં ફ્રી ડાયાલિસીસ કરી આપવામાં આવે છે.ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા દર્દીઓને નજીક પડતુ હોવાથી શહેરની હોસ્પિટલમાં ડાયાલિસીસ અર્થે આવે છે. અત્યાર સુધીમાં ૭૨૦૦ દર્દીઓએ લાભ લીધો છે. દર્દીઓનો ધસારાને કારણે ડાયાલિસીસના ટેકનીશીયન જીગ્નેશભાઈ દ્વારા મંગળવાર અને શુક્રવારના રોજ એક શીફટમાં વધારો કરવામાં આવ્યો છે તેમ જણાવ્યું હતું. જ્યારે બાકીના સામાન્ય દિવસોમાં બે શીફટમાં ડાયાલિસીસ કરવામાં આવે છે. સેન્ટરમાં અત્યારે હાલના સમયે ૧૦ ડાયાલિસીસ મશીન છે. જેમાં સવારે ૮ થી ૪ નો સમય રાખવામાં આવેલ છે. પરંતુ મંગળ અને શુક્રવારે સવારે ૮ થી ૮ દરમિયાન દર્દીઓથી ડાયાલિસીસ સેન્ટર ધમધમે છે. ત્યારે આગામી દિવસોમાં પણ દર્દીઓનો ધસારો વધશે તો બાકીના દિવસોએ પણ સેન્ટરનો સમયમાં શીફટમાં વધારો કરવામાં આવશે. શહેરની હોસ્પિટલમાં ડાયાલિસીસ અર્થે આવતા દર્દીઓમાંથી કેટલાક દર્દીઓએ કિડની પ્રત્યારોપણ કરાવતા નવી જીંદગી ઉત્સાહભેર જીવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર ડાયાલિસીસ સેન્ટર જિલ્લાવાસીઓ માટે આશિર્વાદરુપ સાબિત થવા પામ્યું છે.

# ખાંડ ઉદ્યોગને કેશલેસ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા

ગાંધીનગર, તા. ૨૫

કેન્દ્ર સરકાર તરફથી તાજેતરમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રદ કરેલ છે, જેને ગુજરાતનો ખાંડ ઉદ્યોગ સહર્ષ આવકારે છે. આ પગલાને પરિણામે દેશહિત વિરૂદ્ધ ચાલતી આતંકી વિઘાતક પ્રવૃત્તિઓ તેમજ ભ્રષ્ટાચાર નાબુદી માટે મહત્વપૂર્ણ લેખાશે. દેશ હિતમાં લેવાયેલા આ પગલાના ખૂબજ સુંદર પરિણામો દેશની પ્રજાને જોવા મળશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

આ પગલાને પરિણામે ખાંડ મંડળીઓને થોડી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તે સ્વાભાવિક છે. આ સંદર્ભે ખાંડ મંડળીઓની આર્થિક પરિસ્થિતિ અને ઉભા થયેલા પ્રશ્નોના હલ માટે રાજ્યના રા.ક.ના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષપણા હેઠળ તાજેતરમાં ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘના બોર્ડરૂમમાં ખાંડ મંડળીઓના ચેરમેન, વાઈસ ચેરમેન, મેનેજીંગ ડિરેક્ટરોની મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં સચિવ, સહકાર તેમજ ખાંડ નિયામક ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતના સહકારી ખાંડ ઉદ્યોગની નાણાકીય સંકડામણ તેમજ ખાંડ મંડળીઓ સાથે સંકળાયેલા વિશાળ સંખ્યામાં સંકળાયેલા ખેડૂતો, કામદારો અને તેમાંયે ખાસ કરીને શેરડી કાપણી શ્રમયોગીઓને નાણાં ચુકવવાની મુશ્કેલીઓનો સામનો કરવામાં આવી રહ્યો છે. તેનો કેવી રીતે હલ આવી શકે તેની ચર્ચા થઈ હતી. સુરત ડિસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેન્ક તથા અન્ય નાણાકીય સંસ્થાઓ તરફથી ખાંડ મંડળીઓને મદદરૂપ થવા માટે મળતી રોકડની ચર્ચા આ મિટિંગમાં થઈ હતી.



**થૂંકના મના હે...!!** - ગાંધીનગરની નિફ્ટ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ચલાવાતા 'છાપ' ગૃપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગુજરાત સરકારના સહયોગથી 'સ્વચ્છતા અભિયાન' અંતર્ગત વાસણા અને પાલડી ખાતે શેરી નાટકો કર્યા હતા. શેરી નાટકો દ્વારા તેમણે નાગરિકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવવા પ્રયાસ કર્યો હતો. શનિવારે આ 'છાપ' ગૃપ ચાંદખેડા ગામ ખાતે પણ સવારે ૧૦ કલાકે સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક શેરી નાટક રજૂ કરશે જેનું નામ છે 'થૂંકના મના હે'.

# કુલપતિઓની રાજ્યપાલના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના અધ્યક્ષસ્થાને આજે રાજભવનમાં રાજ્ય સહાયિત વિશ્વવિદ્યાલયોના કુલપતિઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.



રાજ્યપાલશ્રીએ બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા માટે કુલપતિઓએ તેમના બહોળા શૈક્ષણિક અનુભવના આધારે વિવિધ ઉપાયો પ્રયોજવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે સમાજોન્મુખ બને તે માટે સહ-અભ્યાસિક જીવનલક્ષી પ્રવૃત્તિઓમાં પણ જોડાય તે રીતે તેમને પ્રોત્સાહિત કરવાની આવશ્યકતા છે. તેમણે જણાવ્યું હતું કે કુલપતિઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ-સેતુ વિકસિત કરવું જોઈએ.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે શિક્ષણની ગુણવત્તામાં વૃદ્ધિ થાય તે માટે અનેકવિધ પ્રયાસો કર્યા છે. વિદ્યાર્થીમાં સામાજિક દાયિત્વની ભાવના વિકસે અને વિવિધ પ્રકારના કૌશલ્યોથી સંપન્ન બને, તેવી બાબતોને સરકાર દ્વારા અગ્રતા આપવામાં આવી છે. બેઠકમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધારવા, વિદ્યાર્થીઓ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં જોડવા, સંશોધન પ્રોજેકટ કરાવવા, એન્ટરપ્રિન્યોરશિપ વિકાસ, વ્યવસાયિક કુશળતા વગેરે પર વિશદ્ ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં શિક્ષણ વિભાગના અગ્ર સચિવ અંજુ શર્મા અને ઉચ્ચ શિક્ષણ કમિશનર એ.જે. શાહ તથા અન્ય ઉચ્ચાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડનગરા નાગર મંડળનો ૨૭મીએ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા તા. ૨૭-૧૧-૧૬ ને રવિવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન શ્રી અરવિંદ કેન્દ્ર સે-૨૩ ગાંધીનગર ખાતે નુતન વર્ષને આવકારતા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજર રહેવા કારોબારી સમિતિ તેમજ શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા દરેક જ્ઞાતિજનને હાજર રહેવા હાર્દિક અનુરોધ કર્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧